## શ્વાસ-વિશ્વાસ

હરેશ જાની

# દત્ત ઉપાસનાનો ખીલો મૂકનાર રંગ અવધૂત પણ ભગવાન દત્તની જ એક લીલા બની રહ્યાં છે.

***રામકૃષ્ણ રૂપે તે એમ***
***કીધી લીલાઓ કંઇ તેમ***

રંગબાપજીએ આજ થી ૭૫ વર્ષ પહેલા લખેલી દત્ત ભગવાનની બાવનીનુ આ એક વાકય બાપજીની દત્ત ભગવાન પ્રત્યેના પ્રેમ અને વાત્સલ્યના દર્શન કરાવે છે. જેમા બાપજીએ લખ્યું છે કે બ્રહ્મ, વિષ્ણુ અને શંકર અનુક્રમે સૃષ્ટિના સર્જક, પાલક અને સંહારક આ ત્રણેનું એક સ્વરૂપ એટલે દત્ત, ત્યાર પછી બધાં અવતારો થયાં તે બધા જ તારા જ સ્વરૂપો તમો રખે માની લેતાં કે દત્ત ઉપાસના આધૂનિક સમયની છે. દત્ત ઉપાસનામાં ઝઘડાને કોઇ સ્થાન નથી. કોઇ ઉપાસના સાથે વિરોધ નથી. કોઇ દેહધારી આસુરી દેત્યનો વધ કરવા માટે આવિર્ભાવ નથી થયેલો અત્ર્યનસૂયાની એક નિષ્ઠ ભગવદ ભકિતના ફળરૂપ એ અવતાર છે. આ અવતાર સાધકમાત્રને નડતાં મોહાસુરનો નાશ કરી જગતાં વિશુધ્ધ પ્રેમ, જ્ઞાન, અદ્વૈત ફેલાવવા માટે જ પ્રગટ થયેલો હોવાથી એને આદિ ગુરુ કહ્યાં છે. રામાવતારમાં થઇ ગયેલા પરશુરામ દત્તના શિષ્ય હતા. નૃંસિહ અવતારમાં થઇ ગયેલા પ્રહલાદને પણ દત્ત ભગવાને જ ઉપદેશ આપ્યો હતો. આમ રામ કહો કે કૃષ્ણ કહો જુદા જુદા સ્વરૂપે જુદા જુદા સમયમાં તેંજ (દત્તેજ) અનેક ભકતોને કારણે ધર્મ, સ્થાપના માટે અને દુષ્ટોનો સંહાર કરવા તેમજ તેઓને મારીને તારવા માટે તેં જ અનેક લીલાઓ કરી છે.

અહીં જોષી પરિવાર પુરસ્કૃત શ્રી પિયુષ પ્રસાદમાં દત્ત બાવનીના આપેલા સવિસ્તાર અર્થમાં બાપજીનો આ લખાણ પાછળનો હેતુ આ હતો એવું જણાવાયું છે. એજ બાપજી એવું પણ લખી ગયા છે કે

***નાના રૂપે તું વસે નાના નામે એક***
***ભકતજનોને કારણે ધારે વિધિવિધ ભેખ***

અહિં આપણે આજે દત્ત જયંતિના આવતીકાલના પ્રાસંગિક લખાણમાં થોડો વળાંક લઇને અનુભવથી મળેલી શ્રધ્ધાના આધારે વિનમ્રભાવે કહીશું કે રંગ અવધૂત (રંગબાપજી) એ દત્તાત્રયની ૫૩મી લીલા હતા. બાપજીએ દત્ત ભગવાનના વખાણ કરતા કરતા કુલ બાવની એટલે કે બાવન લીટીઓનો જોડ કર્યો છે. પણ બાપજી પ્રત્યેની અમારી શ્રધ્ધા અમને એમ કહેવા પ્રેરે છે કે રંગબાપજી એ દત્ત ભગવાનની ૫૩મી લીલા હતી. દત્ત બાવનીમાં દરકે રચના સાથે દતાત્રયની લીલાઓને વર્ણવી છે. પણ એ પછી ખુદ દત્ત ભગવાન બાકીની લીલાઓનો ભાર બાપજી પર કે પછી ભારતવર્ષમાં જોડાયેલા દત્ત અવતારના કુલ આઠ અવતાર સાથે હળવો કરી ગયા. જેમાં મૂળ દત્ત ભગવાન. શ્રી પાદ વલ્લભ, નરસિંહ સરસ્વતિ અને તેમાંથી થયા સ્વામી સમર્થ, સમર્થમાંથી થયા સાંઇ અને સાંઇમાંથી થયા વાસુદેવાનંદ સરસ્વતી અને તેમાંથી થયા શ્રી રંગ અવધૂત.

મુલતઃ ભગવાન દત્તાત્રયના અંશાવતાર તરીકે સુપ્રસિધ્ધ બ્ર. ભૂ. પ. પૂ. શ્રી વાસુદે વાનંદસરસ્વતી સ્વામી મહારાજે પતિતપાવની નર્મદા ને તટે ગરુડેશ્વરના સ્થાને પોતાની પુનિત ચરણરજથી જયારથી પાવન કર્યુ ત્યારથી દત્ત ઉપાસના તરફ ગુજરાતીઓનું મન ઠીકઠીક વળવા માંડયું હતું અને એ વાસુદેવાનંદ સરસ્વતીની પ્રેરણાથી દત્તઉપાસનાનો જબરદસ્ત ખીલો રંગબાપજીએ નાખ્યો હતો જેણે જેણે પણ રંગ અવધૂતજીનો પ્રત્યક્ષ યા પરોક્ષ સ્પર્શ થયો છે. તેમની દુનિયા સ્વાભાવિક રીતે જ એકદમ નિરાળી બની ગઈ છે. અમને જયાં સુધી સ્પર્શ છે ત્યાં સુધી રંગબાપજીના રંગથી જે જે કોઇ રંગાઇ છે તેને માટે તો દત્ત ભગવાનને ભજો કે અવધૂતને, સરખું જ લાગે. રંગબાપજીએ એક દત્ત બાવની અને બીજી શ્વાસેશ્વાસે દત્તનામ સ્મરાત્મન જે ગિર્વાણગર્જના કરી હતી એ પછી આજે દત્ત જયંતિનું રૂપ પણ તમે જોઇ શકો છો. હાલમાં જ જોડિયામાં ચાલી રહેલી મોરારિબાપુની કથામાં તેમણે એક વાકયું કહ્યું કે જગતનું કોઇપણ ઈશ્વર્ય સ્પર્શે નહીં, ચલિત નહીં કરે

સાંધણ પાનાં ૭ પર →




## ધર્મ મર્મ

શ્રીજીવ વ્યાસ

પરમપૂજયશ્રી રંગઅવધૂત સ્વામી મહારાજની ખૂબ જ પ્રચલિત દત્તબાવની એટલે ભગવાન સદગુરુ દત્તાત્રેયનો પૂર્ણ પરિચય તે મુજબ 'યોગેશ્વર- કૃષ્ણ સ્વરૂપ, દયાળ, જગતના પ્રતિપાળ અને 'પ્રકટયો જગકારણ નિશ્ચિત'- જગતના કલ્યાણ માટે પ્રકટ થયેલા એવા દત્તાત્રેય- 'કળિયુગમાં સ્મૃર્તિગામી કલિતાર કૃપાળ- સ્મરણ માત્રથી હાજર થનાર ભગવાન- સદગુરૂ શ્રી દત્તાત્રેય માગશર સુદ પુનમે પ્રકટ થયા હતા. આગામી મંગળવારે દત્તજયંતનીનો ઉત્સાહ દત્તસંપ્રદાયના ભકતો ભકિતભાવથી ઉજવશે.

દત્ત એટલે જ હેરત આપે તે 'દત્ત.' દત્ત હંમેશા આપે જ છે પરંતુ ભકતની બરાબર કસોટી કરીને જ આપે છે.

બ્રહ્માજીના માનસપુત્ર અને સપ્તર્ષિમાંના એક એવા અત્રિઋુષિ અને ભગવદઅવતાર કપલિના બહેન તથા કર્દપ પ્રજાપતિ તથા દેવહુતિની પનોતી પુત્રી મહાસતી અનસુયાના પનોતા પુત્ર એજ દત્તાત્રેય. અત્રિ ઋષિના પુત્ર હોવાને નાતે તે દત્તાત્રેય તરીકે ઓળખાય છે.

દત્તાત્રયની કથા જાણીતી છે. બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ- મહાસતી અનુસયાના સતીત્વની કસોટી કરવા અત્રિ ઋષિના આશ્રમમાં આવ્યા. તેઓએ અનસૂયાને નિવસ્ત્ર અવસ્થામાં ભિક્ષા આપવા જણાવ્યું. પતિવ્રતા સ્ત્રી માટે આમ કરવું મુશ્કેલ હતું. એથી અનસૂયાએ પોતાના તપઅને સતીત્વના પ્રભાવથી ત્રણે દેવોને નાના બાળકોમાં રૂપાંતર કરી નાંથી અતિર્થિધર્મમાં ઉભી થયેલી અગવડમાંથી માર્ગ કાઢયો. દેવો શરમાયા. દેવપત્નીઓની વિનંતીથી અનસૂયાએ તેમના પતિ મૂળ સ્વરૂપમાં પાછા સોંપ્યા. જતાં જતાં દેવોએ આશીર્વાદ આપ્યા કે, તે અમને બાળસ્વરૂપ આપ્યું તું અમારી મા બની. હવે અમે આપની ઈચ્છા અનુસાર ત્રણે તારી કૂખે જન્મ લઈશું. દેવોના આ આશીર્વાદથી તેઓનો અવતાર થયો.

શંકરના અંશથી દુર્વાસાજીનો, બ્રહ્મના અંશથી ચંદ્રમાંનો અને વિષ્ણુના અંશથી શ્રી દત્તાત્રેયનો જન્મ થયો. મહાયોગી અને વિષ્ણના અવતાર એવા દત્તાત્રેય સર્વ દેવોમાં ગુરુનું સ્થાન ધરાવે છે. અન્ય કોઇ ભગવાનને ગુરુનું સંબોધન નથી. માત્ર દત્તાત્રેય જ ગુરુ દત્તાત્રેય કહેવાય છે. તેમણે અલર્ક, પ્રહલાહ, યદુ સહસ્ત્રાર્જુન વગેરને ઉપદેશ આપ્યો. દત્તાત્રેયના જીવનસંબંધી વાતો માર્કન્ડેય અને સ્કંદ વગેરે પુરાણોમાં વિગતે વર્ણવવામાં આવી છે. ભાગવતના ૧૧મા સ્કંદના તેમના ૨૪ ગુરુઓની સુંદર કથા છે. સાક્ષાત- હાજરાહજૂર ગણાતા ગુરુ દત્તાત્રેય મહારાજ કહે છે કે કરવીરમાં ભીમા માંગ છે. ગોદાવરી તટે ભોજન કરે છે અને સહયાદ્રી પર્વત પર શયન કરે છે. માનતા ધરાવતા ભકતોને સમય- સમય પર

## કળિયુગમાં સ્મરણ માત્રથી ભકતોની વહારે ધાતા
# સદ્ગુરુ દત્તાત્રેય

દર્શન પણ આપે છે અને પોતાના સંકલ્પ માત્રથી જગતનું કલ્યાણ કરે છે.

ગુરૂ દત્તાત્રેયના હાથમાં કમંલડ, માળા, શંખ, ચક્ર, ત્રિશુળ, ડમરું, ધારણ કરે છે. આ છ પ્રતીકો પણ વિશિષ્ટ અર્થસૂચક છે. કમંડલ અને માળા બ્રહ્માનાં છે, ચક અને શંક વિષ્ણુના છે અને ત્રિશૂળ તથા ડમરું શિવજીના છે.

દત્તાત્રેયના ૧૬ અવતારો જાણીતા છે. જે યોગીરાજ, અત્રિ વરદ, દિગંબરાવધુ, કાલાગ્નિશમન, લીલા વિશ્વંભર, સિધ્ધરાજ, જ્ઞાનસાગર, વિશ્વંભરાવધુત, માયા મુકતાવધૂત, આદિગુરૂ, શિવસ્વરૂપ, દેવદેવ દિગંબર, દત્તાવધુત, શ્યામ લોચન કલમ તરીકે જાણીતા છે. તદઉપરાંત નવનાથ નામથી પણ નવ અવતાર જાણીતા છે.

કળિકાળમાં શ્રીપાદ શ્રીવલ્લભ, નૃસિંહ, સરસ્વતી, અકકલકોટના સ્વામીનાથ, શ્રીમદ વાસુદેવાનંદ સરસ્વતી (ગુરુડેશ્વર), સેગાંવના શ્રી ગજાનન મહારાજ, યાત્રિક પ્રભુ આડકુજી, કેશવાનંદ દાદાજી, રંગાવધૂત સ્વામી મહારાજ, શ્રી સાંઈબાબા, અને અવધૂતજી- સદગુરૂ દત્તાવતાર તરીકે પૂજાય છે. કેમકે આ અવતારો છે. જગતના કલ્યાણ માટે, અવતાર લઈ ભકતોના કષ્ટનું હરણ કરી સમાજને સદ્માર્ગે દોરવાનું કાર્ય કર્યું છે અને આજે પણ ભકતોને સદાચારના માર્ગે ચાલવા પ્રેરી રહ્યા છે.

સત્સંગ

## ‘બિન્દાસ’ ધાર્મિક રમૂજ

જયકુમાર દમણિયા

# સંકટ ચોથે જ સંકટ?!

એક સરકારી ઓફિસનાં ઓફિસર શ્રી કાંજી પાયેલા, નખશીખ પ્રમાણિક હતા. એ પોતે તો લાંચ લેતા જ નહોતા, પણ ઓફિસનાં કોઈ પણ કર્મચારીને લાંચ લેવા દેતા નહોતા, એટલા બધા કડક હતા. જો કોઈ લાંચ લેતા ઝડપાઈ ગયા તો તેનું આવી જ બન્યું. એથી ફકત લાંચનું જ લંચ લેતા, લાંચિયા કર્મચારીઓ ભૂખે મરવા લાગ્યા. કહેવત છે કે, દશ ઠગોમાં એક શાહુકાર ના ચાલે. એણે ત્યાંથી ખસી જવું પડે કાં તો ઠગ જેવા બનવું પડે. એ ન્યાયે લાંચિયાઓના ટોળામાંથી કાંજી પાયેલા, એમના જેવા ના થયા અને ત્યાંથી ખસ્યા પણ નહીં, એટલે ફસ્યા. ઓફિસના બધા કર્મચારીઓએ છટકું ગોઠવીને, કાંજી પાયેલાને કરોડો રૂપિયાનાં કૌભાંડમાં ફસાવી દીધા. એટલે કાંજી પાયેલાની કડકાઈની કાંજી ઉતારીને, એને નરમઘેંશ જેવા બનાવી દીધા. એને આ મહાસંકટ, સંકટચોથે જ નડયું.

કાંજી પાયેલા પૂરેપૂરા રેશનાલિસ્ટ હતા, પણ પોતાના ગળામાં ફાંસો આવી પડયો એટલે એને કાઢવા માટે, ડૂબતો માણસ તણખલું પકડે, એમ એ સંકટમોચન હનુમાનજીના મંદિરે ગયો. ત્યાં દાદાની બાધા લેતા કહ્યું, ‘‘હે સંકટમોચન દાદા! આપની કૃપાથી જો હું લાંચના સંકટમાંથી નિર્દોષ છૂટી જાઉં તો તમને હું જીવું ત્યાં સુધી આપને તેલ તથા આંકડાનો હાર ચઢાવીશ. તદ્ઉપરાંત આપને માથે સોનાનો મુગટ ચડાવીશ. આ સાંભળીને એની પત્ની ખડખડાટ હસવા લાગી અને કહેવા લાગી કે, ‘‘જેવી રીતે કોઈ વ્યકિત પોતાનું કામ કઢાવવા માટે, પટાવાળાથી માંડીને પ્રધાન (પારકાનું ધાન જ ખાનારા) સુધી લાંચ આપે છે. તેવી રીતે તમે તમારી બાધા દ્વારા હનુમાનજીને શું કામ લાંચ આપો છો? તમે તો લાંચ લેતા નથી અને આપતા નથી, પછી આવું કેમ કરો છો? હનુમાનદાદાના દરબારમાં શેની ખોટ છે? ખોટ છે તમારી શ્રદ્ધાની.’’

જેવી રીતે વૃક્ષને મૂળમાંથી જ કાપવું પડે, નહિતર એ ફરીથી ઊગી નીકળે. તેવી રીતે ભ્રષ્ટાચારને સંપૂર્ણ નષ્ટ કરવા માટે એને મૂળમાંથી જ ઉખેડવું પડે. એનું મૂળિયું આપણા ઘરમાં જ દટાયેલું છે. એની સાબિતીરૂપે, કોઈ માબાપનાં સંતાન કામચોર હોય તેને એઓ કહે, ‘‘જા બચુડા! તું મારું આટલું કામ કરશે તો તને ચોકલેટ આપીશ અથવા એક રૂપિયો આપીશ.’’ બચુડો એ લાલચે કામ પતાવી દે. ઘરે કોઈ મહેમાન આવે ત્યારે સંતાનો માટે મીઠાઈ-બિસ્કીટ લઈ આવે અથવા તો જતી વખતે સંતાનોના હાથમાં પાંચ કે દશ રૂપિયા બળજબરીથી પકડાવી દે, એટલે સંતાનોમાં લોભ, લાલચનાં સંસ્કાર સિંચન થાય. એ મોટપણે ‘લાંચ’માં પરિણમે છે. જયારે સંતાન સરકારી ઓફિસર થાય કે પ્રધાન થાય કે વેપારી થાય પણ એને ભ્રષ્ટાચારનો ભોરીંગ ડંખ્યા વિના રહેતો નથી. ભ્રષ્ટાચારને સદંતર નાબૂદ કરવા માટે માબાપે અને મહેમાનોએ શિષ્ટાચાર બંધ કરવો પડશે, નહિતર ભ્રષ્ટાચારને શિષ્ટાચાર ગણીને ચલાવી લેવો પડશે.

અંતે... ગુજરાતનાં મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ જાહેરમાં કહ્યું હતું કે, ‘‘હું ખાતો નથી ને ખાવા દેતો નથી.’’ આ સાંભળીને ઢીંચુએ કોમેન્ટ કરી, ‘‘ભલે તમે ખાવ નહીં, પણ અમને ‘પીવા’ તો દો ને?!’’

## બિન્દાસ વાણી

### કિસ્સા કુર્સીકા

(રાગ: હમેરે અંગનેમેં, તુમ્હારા કયા કામ હૈ?- ફિલ્મ: લાવારિશ)


સરકારી કચેરીમેં, તુમ્હારા કયા કામ હૈ?
જો હૈ કુર્સીવાલા, વોહિ તો બદનામ હૈ!
સરકારી....
જિસકી કુર્સી કાષ્ટકી, ઉસીકા બડા દામ હૈ!
સો-દોસોં દેકર ફસાદો, હજજારોકા કયા કામ હૈ?
સરકારી....
જિસકી કુર્સી સ્ટીલકી, ઉસીકા બડા દામ હૈ!
હજ્જારો દેકર ફસાદો, લાખ્ખોકા કયા કામ હૈ?
સરકારી....
જિસકી કુર્સી ચાંદીકી, ઉસીકા બડા દામ હૈ!
લાખ્ખો દેકર ફસાદો, કરોડોકા કયા કામ હૈ?
સરકારી....
જિસકી કુર્સી સોનેકી, ઉસીકા બડા દામ હૈ!
કરોડો દેકર ફસાદો, ‘બિંદાસ’કા કયા કામ હૈ?
સરકારી....

## શ્વાસવિશ્વાસ સાંધણ પાનાં આઠનું

### દત્ત ઉપાસનાનો ખીલો મૂકનાર

તેનું નામ અવધૂત... અવધૂત અદ્‌ભૂત છે. એવા દરેકના પોતપોતાના અનુભવ છે.

નારેશ્વરનો નાથ નામક પુસ્તકમાં અમૃતલાલ મોદીએ બાપજીના એટલા બધા પ્રસંગો લખ્યા છે કે તે વાંચીને તમે પણ મોરારિબાપુની જેમ બોલી ઉઠો કે ખરેખર અવધૂત અદ્‌ભુત છે. ઈશ્વર કયારેય પણ મૂળ સ્વરૂપે જનમ નથી લેતા ખુદ દત્તાત્રય અત્ર્યઅનસૂયાના ખોળે જન્મ લઈને આવ્યા હતા. બાપજી જેવા યોગી પુરુષને મા રૂકમામ્બાએ જન્મ આપ્યો હતો. જેણે પૂરું જીવન પૂરા મિજાજ સાથે કાઢયું એટલું જ નહીં પણ આ અવધૂતને પોતાના માટે કયારેય રડતા પણ નથી જોવાયા કોઈ પ્રેમ કરે તો તેને વ્હાલથી નવડાવી દે. કોઈ રોતું આવે તો તેના આંસુ લૂંછીને અને કોઈ મજાક કરે તો તેને જડબાતોડ જવાબ પણ આપે એક પ્રસંગને જોઈને આગળ ચાલીશું.



બાપજીની નર્મદા પરિક્રમા વખતે આ એકલ યોદ્ધાને કેટલાક સાધુઓ છંછેડવાના પ્રયાસે ગયા અને પૂછયું કે હે બ્રહ્મચારી

તુમ લંગોટ કા મંત્ર જાનતે હો.

સામેથી બાપજીએ જવાબ આપ્યો

તુમ કોનસી ભાષા મેં મંત્ર સુનાના માંગતે હો

પેલા સાધુએ હિન્દીમાં એમ કહ્યું અને બાપજી બોલ્યા

*‘લોભ કી લંગોટી*
*લાલચ કા ધાગા,*
*દુનિયા ઠગત ફિરે લિયે બેરાગા’*

(આજકાલ આ વાત કેટલી પ્રસ્તુત છે તે પણ તમે નકકી કરી લો.)

મુલત: અવધૂત એટલે જીવનની એક શૈલી એ શૈલીને બાપજીએ પોતાની અદાએ વિકસાવી અને દિગંબર દત્તનો મહાન સંદેશો વિશ્વને આપ્યો. બાકી વાસ્તવિકતાને જોતા દરેક કાળમાં કંચન (પૈસા) પ્રસ્તુત છે પણ આ અવધૂતે બદલાયેલા જીવન બાદ પૈસાને સ્પર્શ ર્યા વગર અજોડ જીવન જીવી બતાવ્યું એ વાત દત્તની લીલા નહીં તો બીજું શું.

સતયુગમાં, દ્વાપરયુગમાાં ઈશ્વરના અસ્તિત્વ દેખિતી રીતે જોવાયા પણ ક્રમશ: બદલાતા યુગમાં ઈશ્વરે પોતાની સૃષ્ટિને ચલાવવા માટે કેટલાક મોનિટર નીમ્યા હતા. તેમાં ભગવાન દત્તના મોનિટર કયાં ગજાનંદ સ્વામી, કયા સાંઈબાબા અને તે થકી પોતાની લીલાઓને ફરતી રાખી અને દીનદુખિયાની વ્હારે અને મોનિટરને કામ સોપ્યું ખુદ બાપજી પણ પોતાને બનાવેલી દુનિયાનો સંદેશો પાઠવવા માટે મોદી કાકાને મોનિટર બનાવ્યા હતા. શ્રી રંગ રટણમાં બાપજીના ખાસ એવા એક શ્રી વિશ્વનાથભાઈ લાભશંકર દેસાઈ એ વાતને સમર્થન આપતા લખે છે કે પૂજયશ્રીના ખાસ એવા મોદીકાકા માટે કહેતા હતા કે મારા ગયા પછી હે ભગવાન મોદીને દસ વર્ષ જીવાડજો જેથી દુનિયાને જાણ થશે કે અવધૂત કોણ હતો. સાથે ઉમેરતા કે હું સો વાકય બોલું છું તો તામંથી બીજા દસ વાકયપણ લખી નથી શકતા જયારે હું મોદીને એક બે વાકય કહું છું અને તે સો વાકય લખી દે છે અને બાપજીના એ કઠન મુજબ જ મોદીકાકાએ બાપજી વિશે ખૂબ લખ્યું અને એમાં પણ તમે કહી શકો કે એ દત્તની લીલા હતી અને એમ પણ કહી શકો કે એ પોતાને (દત્તાત્રેયને) સમજનાર અને એ દીશા પર ચાલનાર ભગત (અવધૂત)ને ભગવાન એટલો મોટો કરે છે કે તે ખુદ (ભગત) પુજાવા માંડે છે. રંગબાપજીના કિસ્સામાં તો બન્યું અને બન્યું જ છે. એકમાત્ર દત્તબાવની જે રંગબાપજીએ લખી હતી એનો જ પ્રભાવ એટલો પથરાયો કે દત્તજયંતિમાં દરેક વખતે તે મુખ્ય પુજા સ્ત્રોત બની રહે છે બહું દૂરની વાત ન કરું તો આ દત્તબાવની માત્ર પ્રસંગો પૂરતી જ નહીં પણ રોજરોજનો એવો નિત્યક્રમ બની છે કે તમે જયાં પણ તેને સાંભળો ત્યાં પ્રસન્ન થઈ જાઓ. મોડી રાત્રિએ ઘરે જવાના રોજના ક્રમ વચ્ચે એક થી બે ના સમયગાળામાં પસાર થાવ તો વ્યવસાયે તબીબ એવા ડોકટર અક્ષર દેસાઈ ન્યુ અડાજણ પાલ રોડ પરના ગંગેશ્વર મંદિરમાં મહાદેવની સન્મુખ થોડા ધીમા પણ બુલંદ અવાજે દત્તબાવની ગાતા નજરે પડે. જેનાથી પ્રેરાઈને આ લખનાર પણ હવે રોજેરોજ તેમના હિસ્સેદાર બનતા રહ્યા છે. અને જયાં સુધી ઈશ્વર એમાં સાથ આપશે ત્યાં સુધી અર્ધરાત્રિએ ગંગેશ્વર મંદિરમાં ઉપરના સમયમાં તમને સાંભળવા મળશે.

*જય યોગીશ્વર દત્ત દયાળ*
*તુજ એક જગમાં પ્રતિપાળ*

આમ પણ રંગબાપજીએ લખ્યું જ છે કે એનો જ આ એક ભાગ છે જેમાં તેમણે કહ્યું છે કે,

***યથાવકાશે નિત્ય નિયમ,***
***તેને કદીના ‘દંડે યમ’***

કહેવાનું તાત્પર્ય એ જ કે દત્ત જયંતિએ પ્રસંગ માટે ખૂબ આવકાર્ય છે. પણ રોજેરોજ દત્તબાવનીનો પાઠ થશે તો ભગવાન દત્ત જયાં હશે ત્યાંથી પ્રસન્ન થશે અને તેનો મોનિટર એટલે કે આપણા સૌને અવધૂત આપણા માથે હાથ પણ ફેરવી જશે. અને એ પણ દત્તલીલાનો જ એકભાગ બની રહેશે. (પ્રયોગ કરવાની પણ અહીં છૂટ છે) આ અનુભવથી આવતી શ્રધ્ધા અને તેના ફળની ગાથા છે ત્યારે સૌ બોલો. **જય યોગીશ્વર દત્ત દયાળ..**

### પંચામૃત

***‘બનશે મુજથી એટલી આપની સેવા, નાથ***
***કરીશું હુ પ્રવાસમાં રાખો મુજને સાથ’***
***બોલો અવધૂત ચિંતન શ્રી ગુરુદેવદત્ત.***

## શાસ્ત્રસ્ત્રોત અનુસંધાન પાના ૭ નું

### ઇસુનો મંત્ર : તમારી જાતને ચાહો

સ્નેહથી, પ્રેમથી લોકો અશરગ્રસ્તોને મદદ કરવા ઉમટી પડતાં હતાં?

મારીજ શેરીનો એક દાખલો મને યાદ છે. ૨૦૦૬ના પૂરની આ વાત છે. એક યુવાન બહાર નિકળ્યો હતો અને ઓચિંતુ પુર આવી જતાં ફસાઈ ગયો હતો. બે દિવસ ભૂખે-તરસ્યે ચોકબજારના કોઈ ખૂણે ભરાઈ રહ્યો પાણીનો ધસારો ઓછો થયો હોવાનું જણાતાં ઘરે જવા નીકળ્યો. પણ ધસમસતા પાણીએ તેને ખેંચી લીધો. પાણીમાં તણાવા લાગ્યો. પન્ના ટાવરના ઉપલા માળેથી બૂમો પડી, બચાવો, બચાવો, અમારી શેરીના રોડ પરનાં ઘરના વિનોદભાઈ દોરડું લઈ બહાર નીકળ્યા. બૂમ પાડી: ‘‘આ ઈલેક્ટ્રીકનો થાંભલો પકડી લે’’ પાવર સપ્લાય આ સમયે બંધ કરી દેવામાં આવેલ ડૂબતાં પેલા માણસે હિંમત કરી થાંભલો પકડયો. વિનોદભાઈએ દોરડું ફેંકયુ. પેલાં માણસે દોરડું પકડી લીધું. ઘરનાં માણસોએ દોરડાથી પેલા માણસને ઉપર ખેંચી લીધો. આજુબાજુના માણસો આ જોતાં હતાં પરંતુ નીચે પહેલાં માળની છત સુધી પાણી ભરાયેલ હતાં તેથી લાચાર હતાં. તદ્દન અજાણ્યા આ માણસને વિનોદભાઈએ પોતાનાં કપડાં આપી ભીનાં કપડાં બદલાવ્યાં. ખૂબ સાંત્વન આપ્યું. ભોજન કરાવ્યું અને રાત્રે તેમના રૂમમાં સુવડાવ્યો. બીજા દિવસે પણ પાણીનું વહેણ જોશમાં હતું. વિનોદભાઈએ તેને રોકાઈ જવા આગ્રહ કર્યો પરંતુ એ માણસે કહ્યું, ત્રણ દિવસથી ઘરે ગયો નથી. ઘરે કોઈ વડિલ નથી અને મારી પત્નીને ગમે ત્યારે ડીલીવરી આવે તેમ છે. આ માણસ સોસાયટીની દિવાલને સહારે નીકળી ગયો. કોણ હતો, કયાં રહે છે કંઈ જ ખબર નથી. પાછળથી તે ક્યારેય દેખાયો નથી. પણ માણસના દિલમાં અન્યને ચાહવાની ભાવના ધરબોરાયેલ છે તેના આ જીવંત દાખલો છે.

## આધ્યાત્મ કેડી સાંધણ પાનાં ત્રણનું

### મનોકામના ઊન ભકતોંકી હોતી હૈ પૂરી;

મારા મિત્રના ઘરે લગ્નપ્રસંગે મારી ઘડિયાળ ગુમ થઈ ગઈ હતી, બાબાને પ્રાર્થના કરતાં તે મળી ગઈ હતી! જયશ્રી સાઈનાથ!

**પરચો નં. ૩૩૧:**

**દેગામાથી મિતીક્ષાબહેન જણાવે છે:** બાબાને પ્રાર્થના કરતાં મારી ખોવાઈ ગયેલ જડ તાત્કાલિક મળી ગઈ હતી! ઓમ સાઈરામ!

**પરચો નં. ૩૩૨:**

**અરેઠથી કાલીદાસ જણાવે છે:** મારી પૌત્રીને કમનસીબે બેંગ્લોર ખાતે નર્સીંગ કોલેજમાં પ્રવેશ લેવો પડે તેમ હતું, પરંતુ પૂ.બાબાશ્રીની કરેલ પ્રાર્થનાથી ગુજરાતની જ કોલેજમાં પ્રવેશ મળી ગયો. જયશ્રી સાઈનાથ!

**પરચો નં. ૩૩૩:**

**ચીખલીથી સાઈભકત બહેન જણાવે છે:** પૂ.બાબાશ્રીના દિવ્ય અદ્‌ભૂત પરચાઓ બુદ્ધિથી પર છે! મારા પપ્પા પૂ.બાબાશ્રીની કૃપાથી બિમારીમાંથી તદ્દન સ્વસ્થ થયા છે.

**પરચો નં. ૩૩૪:**

**સેલવાસથી સાઈભકત બહેન જણાવે છે:** મારા સાસુજી ઘણા સમયથી ગંભીર રીતે બિમાર રહેતા હતા, તેમની પીડાનો કોઈ પાર ન હતો! પરચો છપાવવાનો સંકલ્પ કરતાં પૂ.બાબાશ્રીની કૃપાથી તેમની બિમારી સારી થઈ ગઈ. અમો શિરડીધામે પણ જઈ આવ્યા. જયશ્રી સાઈનાથ!

## ધર્મદર્શન સાંધણ પાનાં ચારનું

### યાત્રા એક પુણ્યકારક સુખ છે

ઉંચાઈ પર વસેલું અત્યંત મનોહર બદ્રીનાથ નારાયણનું મંદિર છે. અને સાનિધ્યમાં યમનોત્રી, યમુના ઉગમનસ્થાન, ગંગોત્રી ગંગા ઉગમનસ્થાન અને બાર જયોતિર્લિંગમાંનું એક કેદારેશ્વર જયોતિર્લિંગ છે. આમ ત્રણ તિર્થ સ્થાન અને એક પવિત્રધામ મળીને ચારધામ યાત્રા કહેવાય છે. જેની વિસ્તૃત ઝાંકી આપણે આવતા અંકે જોઈશું.

**ક્રમશ:**